eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 261
March 04, 2011

## તા.૨૫/૦૨/૨૦૧૧નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં "તમાકુ નિયંત્રણ" ઝુંબેશની કામગીરી

મે.કમિશનરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મીટરની ફરતે આવેલ લારી ગલ્લા, દુકાનો વિગેરે કે જયાં ગુટકા/તમાકુ નું વેચાણ કરવામાં આવતું હોય ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા.૨૭/૦૨/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે "સુરત સાયકલ રેલી"નું આયોજન

સુરત મહાનગરપાલિકા શહેરીજનોની પ્રાથમિક સુવિધાઓની સાથે કલા, સંસ્કૃતિ અને રમતગમત ક્ષેત્રે વિવિધ કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરે છે. જેના ભાગરૂપે "બીન યાંત્રિક વાહનો"ના વપરાશને પ્રોત્સાહન આપવાના હેતુસર સુરત મહાનગરપાલિકા અને ઈન્સ્ટીટયુટ ફોર ટ્રાન્સપોર્ટેશન એન્ડ ડેવલોપમેન્ટ પોલીસી (ITDP), અમદાવાદના સંયુકત ઉપક્રમે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાન

સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪૬૦૦૦૬ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧/૩/૨૦૧૧ના રોજ દૈનિક પત્રોમાં સેન્ટ્રલ ઝોનમાં મલ્ટીલેવલ પાર્કીંગ તથા વેજીટેબલ માર્કેટના બાંધકામની બાજુમાં આવેલ સાંઈદર્શન મકાન આ કામગીરીના કારણે નમી પડયા હોવાના સમાચાર પ્રસિધ્ધ થયા છે તે સત્યથી વેગળા અને ગેરમાર્ગે દોરનાર છે તે વિશેનો અહેવાલ

સેન્ટ્રલ ઝોનના ચૌટા બજાર ખાતે મહાનગરપાલિકા તરફથી મલ્ટીલેવલ પાર્કીંગ તથા વેજીટેબલ માર્કેટ બનાવવાનું કામ પ્રગતિમાં છે. આ કામ સ્થળ પર બેઝમેન્ટ તથા પાયાના બાંધકામની કામગીરી ચાલુ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૫/૦૨/૨૦૧૧નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં "તમાકુ નિયંત્રણ" ઝુંબેશની કામગીરી

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મીટરની ફરતે આવેલ લારી ગલ્લા, દુકાનો વિગેરે કે જયાં ગુટકા/તમાકુ નું વેચાણ કરવામાં આવતું હોય તે સ્થળોએ ઝોનનાં આરોગ્ય વિભાગ અને અન્ય સ્ટાફ સાથે "તમાકુ નિયંત્રણ" અન્વયે ગુટખા તમાકુ ઝુંબેશની કામગીરી તા. ૨૫/૦૨/૨૦૧૧ નાં રોજ સવારથી સાંજ સુધી હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. આમ તમામ ઝોનમાંથી ગુટખાના પાઉચ ૪૧૬૬ નંગ જપ્ત કરી રૂા.૪૯,૨૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમોની સંખ્યા | જપ્ત કરેલ ગુટખા પાઉચ (નંગ) |
|---|---|---|---|---|
| ૧ | કતારગામ ઝોન | ૧૪,૫૦૦ | ૭૯ | ૧૮૮૧ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૫,૧૦૦ | – | ૨૫૦ |
| ૩ | રાંદેર ઝોન | ૪,૯૦૦ | ૪૩ | ૭૦૦ |
| ૪ | અઠવા ઝોન | ૪,૯૫૦ | ૩૮ | ૩૫૦ |
| ૫ | વરાછા ઝોન | ૧૮,૪૦૦ | ૯૬ | ૮૭૭ |
| ૬ | લિંબાયત ઝોન | ૧,૪૦૦ | ૯ | ૧૦૮ |
| કુલ | | ૪૯,૨૫૦ | ૨૬૫ | ૪૧૬૬ |

TOP

## તા.૨૭/૦૨/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે ''સુરત સાયકલ રેલી''નું આયોજન



સુરત મહાનગરપાલિકા શહેરીજનોની પ્રાથમિક સુવિધાઓની સાથે કલા, સંસ્કૃતિ અને રમતગમત ક્ષેત્રે વિવિધ કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરે છે. જેના ભાગરૂપે ''બીન યાંત્રિક વાહનો''ના વપરાશને પ્રોત્સાહન આપવાના હેતુસર સુરત મહાનગરપાલિકા અને ઈન્સ્ટીટયુટ ફોર ટ્રાન્સપોર્ટેશન એન્ડ ડેવલોપમેન્ટ પોલીસી (ITDP), અમદાવાદના સંયુકત ઉપક્રમે ''પેડલ ફોર ગ્રીન સુરત'' ''Pedal For a Green Surat'' નામની ''સુરત સાયકલ રેલી''નું આયોજન તા.૨૭/૦૨/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે એસવીએનઆઈટી સર્કલ, સુરત ડુમસ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

આ રેલીનો શુભારંભ મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા.ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલ, ITDP ના સીટીહેડશ્રી અનુજ મલ્હોત્રા, કેન્દ્રીય વિદ્યાલયના પ્રિન્સીપાલશ્રી કે.કે.ગુપ્તા તથા અન્ય મહાનુભાવોએ કરાવ્યો હતો. જેમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ અને મા.ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા વગેરેએ પણ સાયકલીસ્ટોની સાથે સાયકલ ચલાવી પ્રોત્સાહન પુરુ પાડયું હતું. રેલીના સમાપન બાદ મહિડા ભવન ખાતે ઉપસ્થિત વિવિધ રમતવીરો, અને સાયકલીસ્ટોને મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ આવકાર્યા હતાં અને સ્વાગત પ્રવચનમાં ''બીન યાંત્રિક વાહનો''નો ઉપયોગ સુરત શહેરમાં વધે તે માટે સુરત મહાનગરપાલિકાએ રાંદેર ઝોન અને ઉધના ઝોનમાં સાયકલ માટે અલાયદા ટ્રેકનું આયોજન વિચારણા હેઠળ છે તથા હાજર રહેલ વિદ્યાર્થીઓને આ અભિયાન માટે સમાજના એમ્બેસેડર તરીકે ફરજ બજાવવા માટે અનુરોધ કર્યો હતો.



ત્યારબાદ શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ શહેરીજનોને સપ્તાહમાં એક વખત સાયકલ ચલાવી ''પેડલ ફોર ગ્રીન સુરત''ના અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી હતી અને સમયનું મહત્વ વિવિધ પાસાઓ દ્વારા સમજાવ્યું હતું અને ગ્લોબલ વોર્મિંગની અસર સામે લડવા આયોજન કરવા અનુરોધ કર્યો હતો. આ સાયકલ રેલીમાં વિવિધ શાળાના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ, ટ્રાફિક બ્રિગેડના જવાનો, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ મળી અંદાજીત ૪૦૦ જેટલાં સાયકલીસ્ટોએ ભાગ લીધો હતો. જેઓને સ્મૃતિભેટ તરીકે કેપનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ લોકોમાં જાગૃતિ આવે અને ''બીન યાંત્રિક વાહનો''ના વપરાશને પ્રોત્સાહન મળે તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા ૯ થી ૧૩ વર્ષના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓનો સમાવેશ કરી સાયકલ–દોડ સ્પર્ધાનું આયોજન તા.૦૬/૦૩/૨૦૧૧ને રવિવારના રોજ એલ.પી.સવાણી, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૦૪/૦૩/૨૦૧૧ સુધી પરત કરવાના રહેશે.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલ, ITDP ના સીટીહેડશ્રી અનુજ મલ્હોત્રા, મ્યુ સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારી / કર્મચારીગણ, આમંત્રિતો, રમતગમત સાથે સંકળાયેલ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આયોજનને સફળ બનાવ્યું હતુ.

TOP

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાન

**સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪૬૦૦૦૬ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી.**

બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૨૩૫ રસીકરણ બુથ તથા મોબાઈલ/ટ્રાન્ઝીટ ટીમ મળી કુલ–૨૪૬૦ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યક્રમ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૪૬૦ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય કાર્યકરો આજરોજ પ્રથમ દિવસે રસીકરણ બુથ ઉપર તથા તા.૨૮/૦૨/૨૦૧૧ થી તા.૨/૦૩/૨૦૧૧ ૩ (ત્રણ) દિવસ દરમ્યાન ઘરે–ઘરે ફરી અંદાજીત ૬,૨૮,૦૦૦ જેટલા બાળકોને પોલિયોની રસી પીવડાવશે. નિરોગી બાળ વર્ષને અનુલક્ષીને બાળકોના આરોગ્યને અનુરૂપ મહાનગરપાલિકા તરફથી વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો સફળતા પૂર્વક પાર પાડવામાં આવે છે.ફેબ્રુઆરી–૧૯૯૯ પછી સુરત શહેરમાં પોલિયોનો એક પણ કેસ થયો નથી.

**"નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે પાંચ વર્ષ સુધીના ૪૬૦૦૦૬ બાળકોને પોલિયોનાં ડોઝ પીવડાવવામાં આવ્યા હતા.પાંચ વર્ષ સુધીના બાળકોની અંદાજીત સંખ્યા ૬,૨૮,૦૦૦ છે. આમ કુલ ૭૩.૨૬ % કામગીરી પ્રથમ દિવસના અંતે કરવામાં આવી હતી.**

આ કામગીરી માટે ૩૩ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર નિયત કરવામાં આવ્યા હતા. જેમાં ૬૦ મેડીકલ ઓફીસરો, ૪૭૫ સુપરવાઈઝરો ૨૪૬૦ પેરામેડીકલ વર્કરો, ૪૯૨૦ સહાયક કર્મચારીઓ મળી કુલ–૭૯૧૫ થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર મેડીકલ કોલેજ,ગર્વમેન્ટ મેડીકલ કોલેજ,આર્યુવેદિક કોલેજ, હોમિયોપેથિક કોલેજ, ફિઝિયોથેરાપી કોલેજ ના મેડીકલ સ્ટુડન્ટ તથા મિશન હોસ્પિટલના નર્સીંગ સ્ટુડન્ટ, નવી સીવીલ હોસ્પીટલ નર્સીંગ સ્ટુડન્ટ, એસ.આઈ.કોલેજના સ્ટુડન્ટ, શહેરના વિવિધ મેડીકલ એસો. તથા અન્ય સેવાભાવી સંસ્થાના સહયોગીઓએ ભાગ લઈ પોલિયો કાર્યક્રમમાં સહભાગી થયા હતા. સુરત/ઉધના રેલ્વે સ્ટેશન, એસ.ટી.ડેપો, નેચર પાર્ક, શોપીંગ મોલ ખાતે બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત મોબાઈલ ટીમ દ્વારા સુરત શહેર પ્રવેશ પાસેનો વિસ્તાર,રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, કન્સ્ટ્રકશન સાઈટ, ઘર વિહોણા ફુટપાથ વાસીઓ વગેરેને પણ આવરી લેવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## તા.૧/૩/૨૦૧૧ના રોજ દૈનિક પત્રોમાં સેન્ટ્રલ ઝોનમાં મલ્ટીલેવલ પાર્કીંગ તથા વેજીટેબલ માર્કેટના બાંધકામની બાજુમાં આવેલ સાંઈદર્શન મકાન આ કામગીરીના કારણે નમી પડયા હોવાના સમાચાર પ્રસિધ્ધ થયા છે તે સત્યથી વેગળા અને ગેરમાર્ગે દોરનાર છે તે વિશેનો અહેવાલ

સેન્ટ્રલ ઝોનના ચૌટા બજાર ખાતે મહાનગરપાલિકા તરફથી  મલ્ટીલેવલ પાર્કીંગ તથા વેજીટેબલ માર્કેટ બનાવવાનું કામ પ્રગતિમાં છે. આ કામ સ્થળ પર બેઝમેન્ટ તથા પાયાના બાંધકામની કામગીરી ચાલુ છે.

તા.૧/૩/૨૦૧૧ના રોજ દૈનિક પત્રોમાં મલ્ટીલેવલ પાર્કીંગ તથા વેજીટેબલ માર્કેટના બાંધકામની બાજુમાં આવેલ સાંઈદર્શન મકાન આ કામગીરીના કારણે નમી પડયા હોવાના સમાચાર પ્રસિધ્ધ થયા છે તે સત્યથી વેગળા અને ગેરમાર્ગે દોરનાર છે. સાંઈદર્શન મકાનને કોઈપણ પ્રકારનું નુકશાન થયેલ નથી. આ મકાન ગાળા ટાઈપ ભોંયતળીયા તથા ત્રણ માળનું મકાન છે, અને તેમાં કોઈપણ માર્જીન સેટબેક છોડવામાં આવેલ નથી. તેમ છતાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જે બાંધકામ ચાલે છે તેનું બેઝમેન્ટ અંદાજે ૭ ફુટ દુર છે, પરંતુ સદર મિલ્કતના પાણીના ત્રણ કનેકશન લીકેજ હોવાના કારણે  ઉપરના અંશતઃ ભાગની માટી કોલેપ્સ થયેલ છે એ મકાનના સ્ટ્રકચરને કોઈ નુકશાન થયેલ હોય તેમ જણાતું નથી. આ અંગેની ફરીયાદ મળતા શહેરના નામાંકિત સ્ટ્રકચરલ ઈજનેર શાહ એસોસીએટના શ્રી નિલેશ શાહ તથા શ્રી ભરતભાઈ પટેલ સાથે સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે રહી સ્થળ તપાસ કરવામાં આવેલ છે. તેઓને માર્ગદર્શન મુજબ સલામતિના તમામ પગલા લેવામાં આવેલ છે. પરંતુ વધારે સલામતીના ભાગરૂપે સાંઈદર્શન મકાનના ૬ જેટલા કુટુંબોને અન્ય જગ્યાએ રહેઠાણ તથા જમવાની વ્યવસ્થા ઈજારદારશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં માટી ધસી ન પડે તે માટે સોઈલ કન્સલ્ટન્ટશ્રી હિતેશભાઈ દેસાઈને સ્થળ ઉપર બોલાવી તેમની સુચના અનુસાર સલામતિના તમામ વધુ પગલા લેવામાં આવેલ છે. વધુમાં આ બાંધકામ રાઉન્ડ–ધ–કલોક ચાલુ રાખી સેફ સ્ટેજ પર લાવવા પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમજ સદર બાંધકામની આજુબાજુ અન્ય રહીશો તરફથી સુરત મહાનગરપાલિકાની આ કામગીરીને સાથ સહકાર આપવામાં આવે છે.

TOP